ગાંધીનગર સમાચાર

તા. ૩-૩-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### ભાજપ-કોંગ્રેસની લડાઇમાં ત્રીજું કોઇ ફાવશે શું?

રાષ્ટ્રીય પ્રભાવ ધરાવતા મોટા પક્ષ તરીકે આજે પણ કોંગ્રેસ જેટલી સર્વવ્યાપકતા અન્ય કોઈ પાર્ટી કેળવી શકી નથી પરંતુ હિંદુત્વવાદી પાર્ટી તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના રાજકીય ફરજંદ સમી ભારતયી જનતા પાર્ટીએ જરૂર એક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની પ્રતિષ્ઠા હાંસલ કરી છે. એણે કટ્ટરતાના મુદ્દે સતત સહન કરવું પડ્યું છે, તો એ જ કટ્ટરતાને કારણે એણે અન્ય પક્ષોનો સહકાર લઈ રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચાની સરકાર પણ બનાવી છે અને ચલાવી છે. ભાજપના સુવર્ણપુરુષ સમા અટલ બિહારી વાજપેયીના સર્વાશ્લેષી વ્યક્તિત્વ અને પ્રખર રાજનીતિજ્ઞ લાલકૃષ્ણ અડવાણીના સમાયોજનની ફળશ્રુતિ લેખે ઍનડીએ સ્વરૂપે એક મજબૂત કોંગ્રેસ વિરોધી મોરચો અસ્તિત્વમાં આવ્યો હતો. આ બેઉ નેતાઓને અગાઉની પ્રથમ બિનકોંગ્રેસી સરકારમાં અનુક્રમે વિદેશીમંત્રી અને માહિતી-પ્રસારણ મંત્રી તરીકેનો સફળ અનુભવ હતો. વળી, કોંગ્રેસ પાસેથી ઈન્દિરા ગાંધી જેવું કરિશ્માઈ નેતૃત્વ છીનવાઈ જતાં દેશ આખામાં કોંગ્રેસ તૂટવા માંડી હતી. ભારતીય જનતા પાર્ટી પાસે પ્રારંભિક સમયગાળામાં જમણેરી મૂડીવાદીઓ અને મુઠ્ઠીભર ઊજળા વર્ણોનો જ ટેકો હતો, આજે સાથે પૂર્વ સેનાધ્યક્ષ વી.કે.સિંહ સહિતના નિવૃત્ત નૌસેના અને વાયુસેનાના વરિષ્ઠ પદાધિકારીઓ છે. હરિયાણામાં લોકો એને 'લાલા પાર્ટી' અર્થાત્ વેપારીઓના પક્ષ તરીકે ઓળખતા હતા. પરંતુ કોંગ્રેસના વિકલ્પે લોકો એને સ્વીકારતા થયા એમાં મૂળે કોંગ્રેસની જ નબળાઈઓ જવાબદાર છે. કોંગ્રેસ વંશવાદી પાર્ટી બની ગઈ, એમાં 'કૅડર' જેવું કશું બચ્યું જ નહીં. રાહુલ ગાંધી કોંગ્રેસનો આ રોગ બરાબર પારખી શકયા છે, પરંતુ એમનું કદ એમને રાષ્ટ્રીય નેતા તરીકે સ્થાપિત કરવામાં ઊણું ઊતર્યું છે. સોનિયા ગાંધીની વિરુદ્ધ વિદેશી હોવાનો મુદ્દો ઊભેલો જ છે. આ પાર્ટીએ દસ વર્ષના યુપીએ- શાસન દરમિયાન સરદાર મનમોહનસિંહને રિમોટ કંટ્રોલથી ચાલતું રમકડું બનાવી દઈ વડાપ્રધાનપદની સ્પર્ધામાંથી દૂર ખસેડી દીધા. નરેન્દ્ર મોદી જેવા ઝુઝારું અને વિચક્ષણ નેતા માટે કોંગ્રેસ શાસનની આ દુખતી રગ દબાવવાનું અઘરું નહોતું. એકાદ વર્ષ અગાઉ સુધી તો 'ઍનડીએ'વેર વિખેર થઈ ગયેલું ગઠબંધન હતું. બીજી તરફ કોંગ્રેસી શાસન હસ્તક થયેલા વિવિધ કૌભાંડો અને મોંઘવારી ડામવામાં યુપીએ સરકારને સાંપડેલ સરિયામ નિષ્ફળતા જેવી સોનેરી તકો જવા દેવાની સંઘ પરિવારની તૈયારી નહોતી. એથી અડવાણી અને સુષમા જેવા વરિષ્ઠોને નારાજ કરી વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે 'હિંદુ-હૃદય સમ્રાટ'- 'વિકાસ પુરુષ' મોદીને મેદાનમાં ઉતારવાનું જોખમ ખેડી ૨૦૧૪ના આ ચૂંટણી સમરાગણમાં 'મિશન બીજેપી ૨૭૨+'ની આશાવાદી યોજના મુકાઈ છે. મોદીએ છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન રાતદિવસ એક કરી એમની ઈમેજ ચમકાવી છે. સામે પક્ષે લાલુપ્રસાદ યાદવ જેવા 'વફાદાર' નેતા પણ વેળાસર ગઠબંધન નહીં થતાં હવે બધી બેઠકો લડી લઈ 'લઠબંધન'ના મૂડમાં છે; આમ કોંગ્રેસના સાથીઓ છૂટતા જાય છે. લાખોની ભીડ એકઠી કરવાની અદ્ભુત વાક્છટા અને વ્યસ્થાશક્તિ ધરાવતા મોદીએ રામવિલાસ પાસવાન જેવા કટ્ટર વિરોધીઓને આકર્ષ્યા છે. જયલલિતાએ ત્રીજા મોરચામાં જોડાવાનું જાહેર કરતાંની સાથે મોદીએ એમના કટ્ટર વિરોધી કરુણાનિધિને સાધ્યા છે. કેજરીવાલ જેવા વ્યૂહરચનાકારને પણ કબૂલવું પડ્યું છે કે દેશમાં મોદી મોજું ફરી વળ્યું છે. '૨૭૨'નો જાદુઈ આંકડો આંબવામાં ઊણા ઊતરે તો કદાચ કદાચ મોદીની મહેનત અડવાણી, સુષમા કે રાજનાથને ફળે એમ પણ બને. આ ત્રિપુટી ઉપરાંત અરુણ જેટલી પણ છૂપા ઉમેદવાર ખરા જ. પરંતુ કોંગ્રેસ અને ત્રીજા તથા ચોથા મોરચાના નેતાઓ હાલ પૂરતા તો નિર્ણાયક મુસ્લિમ મતો અંકે કરવાના ગર્ભિત ઈરાદાસર કોઈપણ સંજોગોમાં મોદી કે ભાજપને સત્તાથી દૂર રાખવા કૃતસંકલ્પ હોવાના દાવા કરી રહ્યા છે. બનવા જોગ કે અણ્ણા સમર્થિત મમતા કે ત્રીજા મોરચાના શક્તિશાળી ક્ષેત્રપો પૈકીનાં જયલલિતા કે મુલાયમસિંહને સમર્થન આપવાની કોંગ્રેસને ફરજ પડે. આખરે એમનો તો એક મુદ્દાનો કાર્યક્રમ છેઃ 'મોદી ના જોઈએ!' અગાઉ 'ઈન્દિરા હટાઓ' માટે થયેલી ઝુંબેશની જેમ જ!

# શતાવધાન પ્રયોગથી ગાંધીનગર અભિભૂત

## માત્ર ૧૯ વર્ષીય યુવા જૈન મુનિ દ્વારા અનોખો શતાવધાન પ્રયોગ યોજાયો : અભિનંદનચંદ્ર આખા ભારતનું ઘરેણું છે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરનો આજનો રવિવાર નગરજનોને આશ્ચર્ય અને અચંબિત કરી મુકે તેવો હતો. માત્ર ૧૯ જ વર્ષની આયુ ધરાવતા મેધાવી જૈનમુનિએ તેમની અદ્ભૂત યાદશક્તિના પ્રયોગ દ્વારા શહેરના પ્રબુદ્ધ નાગરિકોને અચંબિત કરી દઈ અનોખો પ્રભાવ પાથરતો શતાવધાન પ્રયોગ કરી રાજ્યના શિક્ષણમંત્રી સહિત આખા શિક્ષણ ખાતા અને શિક્ષણ ક્ષેત્રના આગેવાનો સહિત સૌ કોઈને અભિભૂત કર્યા હતા. કડી કેમ્પસમાં આવેલા નાથીબા હોલ ખાતે આજે સવારે હકડેઠઠ મેદનીએ પુછેલા સળંગ ૧૦૦ પ્રશ્નોને યાદ રાખી એકથી સો સુધી ક્રમવાર. ત્યારબાદ ઉલ્ટાક્રમમાં અને પછી અનિયમિત ક્રમમાં સાચો જવાબ અને સાચો ક્રમાંક જણાવી હાજર સર્વે પ્રેક્ષકોને એક સાથે દિગ્મૂઢ કરી દીધા હતા.

ગુજરાતના ગૌરવસમા યુવા જૈન મુનિ અભિનંદનચંદ્ર સાગરજી મહારાજ દ્વારા પ્રેક્ષકો દ્વારા જણાવાયેલી વિભિન્ન સો બાબતોને ક્રમવાર, ઉલટા ક્રમમાં અને અનિયમિત ક્રમમાં યાદ રાખવાનો પ્રયોગ શતાવધાન કરાયો હતો. આ પ્રસંગે ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિત ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ, શિક્ષણ સચિવ જયંતિ રવિ, મનપાની સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન પ્રવિણ પટેલ, ગાંધીનગર સમાચારના તંત્ર કૃષ્ણકાન્ત જહા, પૂર્વ કલેક્ટર તેમજ જૈન અગ્રણી સૂર્યકાન્ત મહેતા, હેમેન્દ્ર શાહ સહિત કડી સર્વ વિદ્યાલય મંડળના સંચાલકો અને શિક્ષણવિદો તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. શતાવધાન પ્રયોગ શરૂ કરતા પહેલા પૂર્વ કલેક્ટર અને જૈન અગ્રણી સૂર્યકાન્ત મહેતાએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

શતાવધાનમાં શત્ એટલે સો અને અવધાન એટલે ધારી રાખવું. પ્રેક્ષક ગણમાંથી જણાવાતી ભિન્ન ભિન્ન સો બાબતો જેમાં પ્રશ્નો, શ્લોક, કહેવતો, સુવિચારો, પવિત્ર સ્થળો, મહાન વ્યક્તિઓ અને વૈજ્ઞાનિકોના નામ જેવી અનેક બાબતોનો સમાવેશ થાય છે. આ તમામ બાબતોને ચાર રીતે એટલે ક્રમવાર ઉલ્ટા ક્રમવાર, નંબર આધારિત માહિતી અને માહિતી આધારિત ક્રમાંક તે પણ અનિયમિત ક્રમાંકમાં સાચા જવાબો મુનિએ પળવારમાં આપી દેતા હતા.



વિજ્ઞાનની સિદ્ધિ સાધન થકી જ્યારે શતાવધાન સિદ્ધિ સાધના થકી થાય છે : અભિનંદનચંદ્ર સાગરજી

**એક થી સો બાબતોને મુનિએ ક્રમવાર અને ઉલ્ટા ક્રમમાં યાદ રાખી બતાવી**

શતાવધાન પ્રયોગનો પહેલો સવાલ રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પૂછ્યો હતો. શિક્ષણમંત્રીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં આ યુવા મુનિને માત્ર ગુજરાતનું જ નહિ પરંતુ ભારતનું ઘરેણું કહ્યા હતા. તેમણે મુનિને ૧ થી ૧૦૦૦ બાબતો યાદ રાખવા સુધીની ક્ષમતા પ્રભુ આપે તેવી પ્રાર્થના કરી હતી.

ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ તેમના ટૂંકા અને ચોટદાર વ્યક્તવ્યમાં માર્મિક રીતે કહ્યું હતું કે આપણે માત્ર દસ બાબતો યાદ નથી રાખી શકતા એટલે કે દશાવધાન નથી કરી શકતા ત્યારે અભિનંદનચંદ્ર સાગરજી મહારાજની શતાવધાન સિદ્ધ ખૂબજ અદ્ભૂત છે. તેમણે આજના યુગમાં માણસ મોબાઈલ, કોમ્પ્યુટર અને કેલ્ક્યુલેટરનો ગુલામ થઈ ગયો હોવાનુ જણાવતા મુનિની સિદ્ધિને નવયુવાનો માટે પ્રેરણારૂપ ગણાવી હતી. શતાવધાન પ્રયોગ બાદ યુવા મુનિ અભિનંદનચંદ્રજીએ હાજર પ્રેક્ષકોને સંબોધતા કહ્યું હતું કે વિજ્ઞાનની સિદ્ધિ સાધનો થકી થાય છે, જ્યારે આ સિદ્ધિ સાધના થકી થાય છે. મુનિએ શતાવધાન પ્રયોગ એ વૈજ્ઞાનિકો માટે પડકાર બની ગયો હોવાનું જણાવતા તફાવત દર્શાવ્યો હતો કે વિજ્ઞાનના માણસો એ યંત્ર-માનવ બનાવ્યા પણ સાધના માનવને મહામાનવ બનાવે છે.

અભિનંદનચંદ્ર સાગરજી મહારાજે શિક્ષણમંત્રીને હળવી શૈલીમાં શિખામણ આપી હતી કે છ કરોડ ગુજરાતીઓનો હજુ પણ વધુ વિકાસ થઈ શકે છે તે માટે સ્વામી વિવેકાનંદનો મંત્ર ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો ને સંકલ્પ બનાવવાની જરૂર છે. તેમણે સરસ્વતી ઉપાસનાનો પાઠ પાઠ્યપુસ્તકમાં ઉમેરવા અનુરોધ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે શતાવધાનનો છેલ્લો પ્રશ્ન પણ શિક્ષણ મંત્રીએ જ પુછ્યો હતો. મુનિના અદ્ભૂત પ્રયોગથી અભિભૂત થયેલા પ્રેક્ષકોએ તેમને ઉભા થઈ તાળીઓના ગડગડાટથી વધાવી સન્માન આપ્યું હતું.

કાર્યક્રમના અંતમાં જૈન અગ્રણી હેમેન્દ્ર શાહે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું રસપ્રદ રીતે સફળ સંચાલન હિરેન ભટ્ટે કર્યુ હતુ. આ કાર્યક્રમમાં ઈન્ફોસીટીના સુહાસ બારોટ, કલ્પતરૂ પાવરના કમલ કિશોર જૈન, બીએલજી ઈલેક્ટ્રોનિક્સ રોહિત રાયસુરાણા, કડી કેમ્પસ ડાયરેક્ટર સોમભાઈ પટેલ, શહેર વસાહત પ્રમુખ અરૂણ બુચ વગેરે આગેવાનો સહિત મોટી સંખ્યામાં બાળકો, મહિલાઓ અને નગરજનો ઉમટી પડ્યા હતા.

### અવધાન માટેના એકથી સો સવાલોની વિભિન્નતા

- ૧ થી ૧૦ : કોઈ પણ પ્રકારના પ્રશ્નો
- ૧૧ : સંસ્કૃત શ્લોકનું પ્રથમ ચરણ
- ૧૨ થી ૨૦ : સુવાક્યો
- ૨૧ : સંસ્કૃત શ્લોકનું દ્વિતિય ચરણ
- ૨૨ થી ૩૦ : કહેવતો
- ૩૧ : સંસ્કૃત શ્લોકનું તૃતીય ચરણ
- ૩૨ થી ૪૦ : સમાનાર્થી-વિરૂદ્ધાર્થી શબ્દો
- ૪૧ : સંસ્કૃત શ્લોકનું આખરી ચતુર્થ ચરણ
- ૪૨ થી ૫૦ : સંતો કે તિર્થ સ્થળોના નામ
- ૫૧ : ૯ ખાનાનું સર્વતોભદ્ર યંત્ર
- ૫૨ થી ૬૦ : પવિત્ર તહેવારો
- ૬૧ થી ૭૦ : ભારત દેશના શહેરોના નામ
- ૭૧ થી ૭૫ : દેશભક્તો અથવા વૈજ્ઞાનિકોના નામ
- ૭૬ થી ૯૦ : દર્શન અવધાન (વસ્તુ જોઈને ક્રમવાર યાદ રાખવી)
- ૯૧ થી ૯૨ : ગીતાના ૧૫મા અધ્યાયના શ્લોક
- ૯૩ થી ૧૦૦ : ધર્મગ્રંથોના નામ



શનિવાર રાત્રે ગાંધીનગર ટાઉનહોલ ખાતે સંતવાણીનો કાર્યક્રમ યોજાઈ ગયો. કલાગુર્જરી અને સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ 'મારા હરિજનની હાટડીએ' સંતવાણી કાર્યક્રમમાં અયોધ્યા દાસ, ઉન્નતિ સિચડીયા, ડૉ. ભાવના મહેતા તેમજ ભાણ સાહેબ મંદિરની ભજન મંડળી દ્વારા સુંદર કૃતિઓની રજૂઆત કરવામાં આવી આવી હતી. આ કાર્યક્રમનું સંગીત સંચાલન ડૉ. નીરવ પંડ્યા તેમજ સમગ્ર સંકલન ડૉ. નિરંજન રાજ્યગુરૂએ કર્યુ હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

## શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી હાયર સેકન્ડરી સ્કૂલ, સે. ૨૩ ખાતે વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) ગાંધીનગર સંચાલિત ચાર સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલનો સંયુક્ત તેજસ્વી તારલા સન્માન અને વાર્ષિકોત્સવનો કાર્યક્રમ તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ ખીમજી વીસરામ હોલ ખાતે યોજાઈ ગયો.

શ્રીમતી આર.સી. પટેલ સેક. એન્ડ હા. સેક. સ્કૂલ, સે. ૨૩ ના યજમાનપદે યોજાયેલ કાર્યક્રમમાં અધ્યક્ષ શ્રી કનુભાઈ તથા અતિથિ વિશેષ તરીકે રસિકભાઈ પટેલ તથા ઘનશ્યામભાઈ ટેલ તથા ડૉ. શીલીન શુકલ સપરિવાર પધાર્યા હતા. મહેમાનશ્રી ડૉ. ઉષાબેન શુકલએ ઉદ્બોધન કર્યુહતું. અતિથિ વિશેષ તરીકે પધારેલા ડૉ. શીલીન શુકલએ વેદો અને આધ્યાત્મિક વાતો સાથે વિદ્યાર્થીઓને ઓજસ્વી તથા તેજસ્વી શબ્દનો ભેદ સમજાયો હતો. કાર્યક્રમના અધ્યક્ષશ્રી કનુભાઈએ સંસ્થાના ઉદ્દેશો 'કર ભલા હોગા ભલા'ના સૂત્રને ધ્યાનમાં રાખીને કેવું કાર્ય કરે છે તે સમજાવ્યું હતું તથા દાતાશ્રીઓએ આપેલ દાન જાહેર કર્યા હતા. આ પ્રસંગે ચારેય શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક વિભાગના ઈનામોથી નવાજવામાંઆવ્યા હતા. ત્રણ શિક્ષકોને પોતે આપેલા પ્રદાન બદલ અને યજમાન શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની તથા અત્યારે હાલ ગુજરાત રાજ્યની પ્રથમ મહીલા ડેપો મેનેજર બનનાર શ્રદ્ધા જોષીને મોમેન્ટો આપી નવાજ્યા હતા. સંસ્થાની હોસ્ટેલમાં રહી ભણતા દરેક વિષયમાં સર્વોચ્ચ ગુણ લાવનાર વિદ્યાર્થીઓને રૂપિયા એક હજાર રોકડ પુરસ્કાર મંડળ તરફથી આપવામાં આવ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય વંદનાની થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી સર્વેને અભિભૂત કર્યા હતા. છેલ્લે વંદે માતરમ્ ગીત ગાઈને કાર્યક્રમની પુર્ણાહૂતિ થઈ હતી.

## કોલવડાની કે.કે. પટેલ વિદ્યાલયમાં વિજ્ઞાન દિવસે ક્વીઝ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨

કોલવડાની કે.કે. પટેલ વિદ્યાલયમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસે આચાર્યા ભાવનાબેનની અધ્યક્ષતામાં વિજ્ઞાન વિષય પર ક્વીઝ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં શાળાના ૧૫૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

તા. ૨૮ ફેબ્રુઆરીને મહાન વૈજ્ઞાનિક ડો. સી.વી. રમનની યાદમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ મનાવવામાં આવે છે. શહેરના નજીક કોલવડા ખાતેની કે.કે. પટેલ વિદ્યાલય ખાતે ગઈ તા. ૨૮ના રોજ વિજ્ઞાન દિવસ મનાવવામાં આવ્યો હતો.

શાળાના ૧૫૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા અને અલગ અલગ છ ટીમો બનાવી હતી. જેમાં આર્યભટ્ટ, પાયથાગોરસ, થેલ્સે, સત્યમ, શિવમ અને સુંદરમ્ ટીમમાં વિદ્યાર્થીઓને જોડવામાં આવ્યા હતા. સ્પર્ધા ચાર રાઉન્ડમાં યોજવામાં આવી હતી. જેમાં છોકરાઓમાં આર્યભટ્ટ અને છોકરીઓમાં શિવમ ટીમ વિજેતા બની હતી.

સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક યુગમાં પોતાનુ જ્ઞાન વિકસાવી આગળ આવે તે માટેનો હતો. સમગ્ર સ્પર્ધાનું સંચાલન શિક્ષકો બાબુભાઈ પ્રજાપતિ, નારણભાઈ પટેલ, ગિરીશભાઈ પટેલ અને ધનંજયભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. વિજેતા ટીમને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

---

મહિલાઓને સ્પર્શતા કાયદાઓ એ બાબતે આપણે ગત્ અંકમાં વાત કરવાની બાકી રહી હતી. ખાસ કરીને સાંવરીના કેસમાં સંદર્ભમાં જયારે વાત કરી રહ્યા હતા. ત્યારે આપણે જોયું કે સ્ત્રીઓ અને બાળકીઓનો અનૈતિક વેપાર એ બાબત અત્યારે વૈશ્વિક પ્રશ્ન છે. હમણાં જ મુંબઇની ઘટનાઓ અને મુંબઇ તથા ગોવાના સંદર્ભમાં આપણે વર્તમાનપત્રોનાં માધ્યમથી પણ વાકેફ છીએ કે સ્ત્રી અને બાળકીઓને લલચાવી અને ફોસલાવીને આ પ્રકારની અનૈતિક પ્રવૃત્તિઓ તરફ ઢસડી જવામાં આવે છે. તો ક્યારેક લાઇવલી હુડ એટલે કે આજીવિકા સંદર્ભે પણ આ પ્રકારની પ્રવૃત્તિઓ અસ્તિત્વમાં આવી હોય તેમ લાગે છે. ખરે! આ બધી બાબતો પણ એક વિશેષ ચર્ચા માંગી લે છે. ભારતના કલકત્તાના આદરણીય કુલરેણું ગુહા એ આ સંદર્ભે રાષ્ટ્રીય ઝુંબેશ જગાવેલ.

આજથી ૨૫ વર્ષ પહેલાં કુલરેણું ગુહાજીને દિલ્હી મુકામે એક વૈશ્વિક સંમેલનમાં મળવાનું થયેલ અને ત્યારબાદ તો ઇન્ડિયા વુમન્સ કોન્ફરન્સના માધ્યમથી અંગત પરિચયમાં આવવાનું પણ થયું અને તેઓએ મહિલાઓનાં સંદર્ભે ખાસ કરીને અનૈતિક વેપાર તરફ લઇ જવા સંદર્ભે જે આલહેક અને ઝુંબેશ જગાવી હતી તે રૂબરૂ સાંભળીને આ મુદ્દા સંદર્ભે પણ એક સામાજિક ચળવળ હંમેશા જારી રહેવી જોઇએ તેવું સ્પષ્ટ પણ લાગે છે. ભવિષ્યમાં કોઇ પણ કુલરેણુજી બાબતે વિગતવાર આપને જણાવીશ પરંતુ હાલમાં તો મહિલા અને તેના અધિકારો વિશે સામાન્ય સમજી શકે તો, તેની પ્રથમ ઐતિહાસિક પૂર્વ ભૂમિકા તરફ આછેરો દૃષ્ટિપાત કરીએ.

વૈદિક યુગમાં ભારતમાં સ્ત્રી-પુરૂષ વચ્ચે ભેદભાવ રખાતો ન હતો. સામાજિક, રાજકીય ધાર્મિક ક્ષેત્રોમાં સ્ત્રી પુરૂષ સમાન જ ગણાંતા હતા પરંતુ વિશાળ હિન્દુસ્તાન પર કાળક્રમે શક, હૂણ, કુશાણ, મોગલ, બ્રિટીશ વગેરે સંસ્કૃતિઓનું આક્રમણ થતાં સ્ત્રીઓનાં દરજ્જે (સ્ટેટસ) થોડો નીચો ઉતર્યો. પરદા પ્રથા, સ્ત્રીઓને શિક્ષણથી વંચિત રાખવી, કેટલીક અધિકારોથી વંચિત રખાવી, સ્ત્રીઓને પુરૂષની તુલનામાં નીચી ગણવી - જેવા અનેક જટિલ પ્રશ્નોનો ભારતીય સ્ત્રીઓને અનેક વર્ષો સુધી સામનો કર્યો અને સમાન અધિકારો માટેની આ વાજબી લડત (હળવી ક્રાંતિ) હજુ ચાલું છે.

**સરકારી કે અન્ય જાહેર સંસ્થાઓની નોકરીઓનાં પગાર ધોરણો બાદ કરતાં સર્વત્ર સમાન કામ માટે સ્ત્રીને ઓછું વેતન મળે છે, અખબારોમાં આપણને અવારનવાર સ્ત્રીઓ પરના અત્યાચારો અંગેના સમાચાર વાંચવા મળે છે**

બ્રિટીશ શાસનકાળ દરમિયાન ભારતમાં શિક્ષણની પ્રચલિતતા ઓછી હોવાથી અને સ્ત્રી શિક્ષણ અંગે અલ્પ જાગૃતિ હોવાથી ભારતીય સ્ત્રીઓને સહન કરવું પડતું, જો કે ૧૯ મી અને ૨૦મી સદી દરમિયાન રાજા રામમોહનરાય, ધોડો કેશવ કર્વે વગેરેએ સ્ત્રી શિક્ષણ, સ્ત્રી જાગૃતિ, સ્ત્રી અધિકાર માટે ક્રાંતિકારી વિચારો આપ્યા. સતીપ્રથા નાબૂદી, વિધવા વિવાહ, દહેજ પ્રથાનો વિરોધ વગેરે માટે અભિયાન ચલાવવામાં આવ્યું, પરંતુ અશિક્ષિત, રૂઢિચુસ્ત ભારતીય પ્રજા માટે આ પ્રયત્નો અપૂરતા નિવડ્યા.

**મહિલા સમાજ અને કાયદો - અંક-૩૩**

ડૉ. ભાવના કે. જોશીપુરા

ઐતિહાસિક પૂર્વ ભૂમિકા બાદ સાંપ્રદ પરિસ્થિતિ જો જોઇએ તો, ભારતની કુલ વસ્તીમાં ઇ.સ. ૧૯૮૧માં દર ૧૦૦૦ પુરૂષોએ ૯૩૬ સ્ત્રીઓ હતી. ઇ.સ. ૧૯૯૧ માં દર ૧૦૦૦ પુરૂષોએ ૯૨૯ સ્ત્રીઓનું પ્રમાણ જોવા મળ્યું. સ્ત્રીની સંખ્યા પુરૂષોની સંખ્યા કરતા ઓછી છે અને ઓછી થતી આવે છે, તે બાબત સ્ત્રી અસમાનતાની સૂચક છે.

કુપોષણ અને તેને લીધે થતાં રોગોમાં બાળકો કરતા બાળકીઓનું પ્રમાણ વધુ છે. સ્ત્રી મૃત્યુની મોટી સંખ્યા ૧૪ થી ૨૨ વર્ષના વયજૂથમાં દેખાય છે. બાળ લગ્નોને લીધે ખૂબ નાની ઉંમરે માતા બનતી સ્ત્રીઓનું સ્વાસ્થ્ય જલ્દી કથળે છે. વીસ વર્ષથી થતાં બે - ત્રણ બાળકોની મા બની જતી ભારતીય સ્ત્રી નબળી પડે છે અને કુપોષળથી નાની ઉંમરે મૃત્યુ પામે છે. આ ઉપરાંત સાસરીયા સાથે મેળ ન બેસે, તો યુવા અવસ્થામાં જ મૃત્યુ પામે છે.

ગર્ભ પરીક્ષણ અને તેમાં દીકરી જન્મવાની જણાય તો ગર્ભવાત કરાવવાનું આપણા સમાજમાં એટલું વકર્યું છે કે કદાચ પુરૂષો કરતાં ઓછી સ્ત્રીઓ જન્મી છે એવું પણ વસ્ત્રી ગણતરીનાં આંકડાઓમાં પ્રતિબિંબિત થાય છે. દીકરા કરતા દીકરીને ભણતર, પોષણ, સ્વાતંત્ર્ય, તક- સઘળું ઓછું મળે. ધાર્મિક ક્રિયાકાંડોના મત મુજબ પણ સામાજિક માળખામાં સ્ત્રીઓને ગૌણ ગણવામાં આવે છે. અગ્નિ દાહ તથા અન્ય વિધિઓમાં સ્ત્રીઓને સ્થાન નથી. રાજકીય પક્ષોમાં કે દેશના સત્તા સ્થાનોમાં સ્ત્રી સ્ત્રીઓને પુરતું પ્રતિનિધિત્વ મળ્યું નથી.

આર્થિક પાસું તપાસીએ તો તેમાં પણ સ્ત્રીઓ ગૌણ સ્થાને જોવા મળે છે. સરકારી કે અન્ય જાહેર સંસ્તાઓની નોકરીઓનાં પગાર ધોરણો બાદ કરતાં સર્વત્ર સમાન કામ માટે સ્ત્રીને ઓછું વેતન મળે છે. અખબારોમાં આપણને અવારનવાર સ્ત્રીઓ પરના અત્યાચારો અંગેના સમાચાર વાંચવા મળે છે.

ભારતીય સ્ત્રીઓની આ પરિસ્થિતિ માટે સ્ત્રી શિક્ષણની મર્યાદિતતા, અંધશ્રદ્ધા, રૂઢિચુસ્તતા, વધુ પડતી ગ્રામીણ વસ્તી, પુત્ર-સંતાનને અપાતું વિશેષ મહત્ત્વ, જાગૃતિનો અભાવ વગેરે જવાબદાર છે.

***● સ્ત્રીઓ સંબંધિત કાનૂન***

***દિવાની કાયદાઓ :***

(૧) હિન્દુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫

(૨) હિન્દુ વિધવા પુનઃ લગ્ન અધિનિયમ, ૧૯૫૬

(૩) હિન્દુ સગીર વાલીપણા અધિનિયમન, ૧૯૫૬

(૪) ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એક્ટ, ૧૮૯૦

(૫) હિન્દુ દત્તક વિધાન અને ભરણપોષણ, ૧૯૫૬

***ફોજદારી કાયદાઓ :***

(૧) દહેજ પ્રતિબંધક ધારો, ૧૯૬૧

(૨) બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમન, ૧૯૨૯

(૩) સ્ત્રીઓના અનૈતિક વ્યાપાર અટકાવવાનો કાનૂન, ૧૯૫૬

(૪) સ્ત્રીઓને બિભત્સ રીતે દર્શાવવા પરના પ્રતિબંધ અંગેનો અધિનિયમ, ૧૯૮૬.

(૫) સતીપ્રથા નાબૂદી ધારો, ૧૯૮૭

(૬) આંધ્રપ્રદેશ દેવદાસી અનિનિયમન, ૧૯૮૮

(૭) ખોરાકી - પોષકીનો કાયદો, સી.આર.પી.સી.

(૮) ડોમેસ્ટ્રીક વાયોલન્સ એક્ટ

આ કાયદાઓ સ્ત્રીઓના ઉપયોગી કાયદાઓ છે, જે કેટલાક અધિકારો અને રક્ષણ આપવામાં મદદરૂપ બને છે.

આ ઉપરાંત, ભારત સરકારે પ્રસૂતિલાભ અંગેનો કાયદો (૧૯૬૧) સમાન વેતન અધિનિયમ (૧૯૭૬) ભૃણ હત્યા પ્રતિબંધ કાનૂન (૧૯૭૧) જેવા કાયદાઓ પસાર કર્યા છે. હાલમાં શિક્ષણનું પ્રમાણ વધતાં અને સ્ત્રીઓની કામમાં ભાગીદારી વધતાં સ્ત્રીઓને કામ કરવાના સ્થળે થતી હિંસા સંદર્ભે 'સેક્સ્યુઅલ હેરેસમેન્ટ એટ વર્ક પ્લેસ' (Sexual Harassment at Work Place) સંદર્ભે પણ કાનૂન અસ્તિત્વમાં છે એટલું જ નહીં આ બાબતને અસરકારક રીતે અમલમાં મુકવા સંદર્ભે સર્વોચ્ચ અદાલતે પણ ગાઇડલાઇન નક્કી કરેલ છે.

સાંવરીની વાત તો અધુરી જ છે. સાંવરીને ગેરમાર્ગે લઇ જનાર તત્ત્વો સામે પોલીસ કાર્યવાહી થઇ. એક તરફ સાંવરી અને તેની ગરીબ માતા અને બીજી તરફ સમાજન એક કહેવાતો સજ્જન વર્ગ. આ બંનેની કાનૂની લડાઇમાં સાંવરીને કાયદો મદદરૂપ થયો મળીને આવતે અંકે...